

# લોકસભા અધ્યક્ષપદ: સર્વસંમતિની પરંપરા કેમ તૂટી?

**2014માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા અને ફરી પરંપરા તૂટી. તેમણે ઉપાધ્યક્ષનું પદ રાજીવ ગાંધીની જેમ પોતાના સહયોગી AIADMKને આપ્યું હતું. વિપક્ષો રાજ્યોમાં પોતાની સત્તા છે ત્યાં ઉપાધ્યક્ષનું પદ પોતાની પાસે જ રાખે છે. રાષ્ટ્રીય સ્તરે સાથી પક્ષો હોવા છતાં કેરળમાં CPM-CPIની સરકારે કૉંગ્રેસના ધારાસભ્યને ઉપાધ્યક્ષ નથી બનાવ્યા. આવું જ પશ્ચિમ બંગાળ અને કર્ણાટકમાં છે. આ પણ એક નોંધવાની વાત ખરી**

જયવંત પંડ્યા

લોકસભાના અધ્યક્ષપદે ઓમ બિરલા ધ્વનિમતથી ચૂંટાઈ આવ્યા. તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, (હવે) વિપક્ષના નેતા રાહુલ ગાંધી આસન પર બેસાડવા લઈ ગયા. તે સમયે મોદી અને રાહુલ ગાંધીએ હસ્તધૂનન કર્યું. આ સુખદ દૃશ્ય શું આ વખતે સંસદનાં ગૃહો રચનાત્મક રીતે ચાલશે તેની છડી પોકારે છે?

એ તો જોવું રહ્યું કારણ કે અધ્યક્ષપદની ચૂંટણીમાં જ આમને-સામને થઈ ગયું હતું. NDA તરફથી રાજનાથસિંહે વિપક્ષનો ટેકો માગ્યો હોવા છતાં કૉંગ્રેસે કે. સુરેશને અભ્યર્થી તરીકે ક્ષેત્રમાં ઉતારી ચૂંટણી અનિવાર્ય બનાવી પરંતુ તૃણમૂલનો ટેકો ન મળતાં (પહેલાં ના, પછી ખડગે સાથે બેઠક પછી હા છતાં ભરોસો કરાય તેમ ન હોવાથી) છેલ્લી ઘડીએ સર્વસંમતિથી અધ્યક્ષ ચૂંટાય તેવા આશયે મતવિભાજન માગ્યું નહીં અને આ રીતે ધ્વનિમતથી ઓમ બિરલા ચૂંટાઈ આવ્યા. પહેલા રાઉન્ડમાં કૉંગ્રેસે હારથી રાહુલ ગાંધીને બચાવી લીધા!

કે. સુરેશ ચૂંટણી લડત તો પણ તેમની સામે પ્રશ્નો થાત કારણ કે 2009માં કૉંગ્રેસના મજબૂત સાથી પક્ષ (જેણે કટોકટીને ટેકો આપ્યો હતો) CPIના નેતા એ. એસ. અનિલકુમારે કેરળ ઉચ્ચ ન્યાયાલયમાં યાચિકા કરી હતી કે કે. સુરેશ દલિત નથી, ખ્રિસ્તી છે. તેમનું જાતિ પ્રમાણપત્ર ખોટું છે અને કેરળ ઉચ્ચ ન્યાયાલયે આ વાત માન્ય રાખી કે. સુરેશની ચૂંટણી અવૈધ ગણાવી હતી.

લોકસભાના ઈતિહાસમાં ક્યારે-ક્યારે અધ્યક્ષપદની ચૂંટણી થઈ? 1952માં નહેરુના સમયમાં થઈ હતી. તે વખતે અમદાવાદની બેઠક પરથી ચૂંટાઈ આવેલા ગણેશ વાસુદેવ માવળંકર કૉંગ્રેસના અભ્યર્થી હતા. તે વખતે CPI મુખ્ય વિપક્ષ હતો જે 1967 પછી કૉંગ્રેસનો સાથી પક્ષ બની ગયો છે. તેણે શંકરરાવ મોરેને ક્ષેત્રમાં ઉતાર્યા હતા. માવળંકર 394 વિ. 55થી ચૂંટાઈ આવ્યા હતા. તે વખતે અપક્ષ સાંસદ લંકા સુંદરમે અનુરોધ કર્યો હતો કે સ્વસ્થ લોકતંત્રની પરંપરા એ હોવી જોઈએ કે લોકસભાના ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને મળવું જોઈએ પરંતુ નહેરુએ આ વાત ગ્રાહ્ય રાખી નહોતી અને સુંદરમનું નામ મતદારની યાદીમાં પણ નહોતું આવ્યું! લોકતંત્રનાં મૂલ્યો સ્થાપિત કરવામાં નહેરુનું નામ આદરથી લેવાય છે પરંતુ નહેરુનું આ પાસું પણ હતું!

1967માં વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી હતાં પરંતુ તેમની સામે કૉંગ્રેસમાં જ ઊહાપોહ હતો, જે બાદમાં કૉંગ્રેસનાં બે ઊભાં ફાડિયાંમાં પરિણમ્યો હતો. તે વખતે પણ ડાબેરી CPMએ (તે પણ અત્યારે કૉંગ્રેસનો સાથી પક્ષ છે) લોકસભા અધ્યક્ષપદ માટે પોતાના અભ્યર્થી ટેન્નેટી વિશ્વનાથમને ક્ષેત્રમાં ઉતાર્યા હતા જ્યારે શાસક કૉંગ્રેસે નીલમ સંજીવ રેડ્ડીને. વિજય રેડ્ડીનો થયો હતો.

1975માં કટોકટી લાદવામાં આવી હતી જેને ગત 25 જૂને 49 વર્ષ પૂરાં થયાં. આ કટોકટી દરમિયાન લોકસભાની અવધિ એક વર્ષ લંબાવવામાં આવી હતી. આથી 1976માં અધ્યક્ષ નક્કી કરવાના થયા હતા. તે વખતે કૉંગ્રેસે બલિરામ (બી. આર.) ભગતનું નામ આગળ કર્યું હતું. તેની સામે વિપક્ષે જગન્નાથરાવ જોશીનું નામ મૂક્યું હતું. આમાં પણ ગુજરાત સાથે સંબંધ હતો કારણ કે આ નામ પ્રસ્તાવિત કરનાર સાંસદ ભાવનગરના પ્રસન્નભાઈ મહેતા હતા. તેઓ પ્રજા સમાજવાદી પક્ષ (PSP)ના હતા. કટોકટીમાં વિપક્ષના મોટા ભાગના નેતાઓ જેલમાં હતા તેથી ભગતનો વિજય નિશ્ચિત હતો.

1998માં શરદ પવારે પી. એ. સંગ્માને અધ્યક્ષપદ તરીકે આગળ કર્યા હતા પરંતુ NDAના ઘટક પક્ષ તેદેપના જી. એમ. સી. બાલયોગીનો વિજય થયો હતો.

રસપ્રદ વાત એ પણ છે કે લોકસભાના ઈતિહાસમાં માત્ર એમ. એ. અય્યંગર, જી. એસ. ધિલ્લોન, બલરામ જાખડ અને જી. એમ. સી. બાલયોગી જ અત્યાર સુધી સતત બીજી લોકસભામાં પણ અધ્યક્ષ બન્યા હતા. હવે આ સૂચિમાં ઓમ બિરલા પણ આવ્યા છે. આ પદે રાજસ્થાનના સાંસદ ચૂંટાઈ આવે તે બલરામ જાખડ પછી બીજી વાર બન્યું છે.

આ વખતે વિપક્ષોએ ઉપાધ્યક્ષપદ વિપક્ષને આપવામાં આવે તો ઓમ બિરલાને ટેકો આપવાની વાત કરી હતી. તો એ પણ જાણી લેવું જોઈએ કે આ પરંપરા કોણે અને ક્યારે શરૂ કરી હતી? આ પરંપરા નહેરુએ નહોતી કરી પરંતુ મોરારજી દેસાઈએ શરૂ કરી હતી. 1977માં કૉંગ્રેસ ઈતર પક્ષોની- જનતા પક્ષની સરકાર બની ત્યારે સમાજવાદી નેતાઓ મધુ લિમયે અને ડૉ. સમર ગુહાએ કહ્યું હતું કે જો ઉપાધ્યક્ષ વિપક્ષના નહીં હોય તો લોકસભાનું સંતુલન બગડી જશે. તે વખતે કૉંગ્રેસના ગોડે મુરહરિને ઉપાધ્યક્ષ બનાવાયા હતા.

પરંતુ સાતમી લોકસભાની ચૂંટણીમાં જનતા પક્ષનો કારમો પરાજય થયો અને ઈન્દિરા ગાંધી - કૉંગ્રેસ સત્તામાં પાછાં આવ્યાં. ઈન્દિરા ગાંધીએ આ સ્વસ્થ પરંપરાને બંધ કરી દીધી! 1984માં ઈન્દિરા ગાંધીની હત્યાની સહાનુભૂતિ લહેરમાં કૉંગ્રેસને 414 બેઠકો મળી હતી. તે વખતે રાજીવ ગાંધીએ પણ આ પરંપરા ન નિભાવી પરંતુ UPA સત્તામાં આવ્યો ત્યારે ડૉ. મનમોહનસિંહે 2004માં આ પરંપરા નિભાવી હતી અને ઉપાધ્યક્ષનું પદ NDAના સાથી શિરોમણિ અકાલી દળના ફાળે ગયું હતું. 2009માં BJPના કારિયા મુંડા ઉપાધ્યક્ષ બન્યા હતા.

2014માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા અને ફરી પરંપરા તૂટી. તેમણે ઉપાધ્યક્ષનું પદ રાજીવ ગાંધીની જેમ પોતાના સહયોગી AIADMKને આપ્યું હતું.

વિપક્ષો રાજ્યોમાં પોતાની સત્તા છે ત્યાં ઉપાધ્યક્ષનું પદ પોતાની પાસે જ રાખે છે. રાષ્ટ્રીય સ્તરે સાથી પક્ષો હોવા છતાં કેરળમાં CPM-CPIની સરકારે કૉંગ્રેસના ધારાસભ્યને ઉપાધ્યક્ષ નથી બનાવ્યા. આવું જ પશ્ચિમ બંગાળ અને કર્ણાટકમાં છે. આ પણ એક નોંધવાની વાત ખરી.

ઉપાધ્યક્ષપદે વિપક્ષના નેતા હોય ત્યારે સરકાર સામે ભય રહેતો હોય છે. આથી કોઈ પણ પક્ષ આ પરંપરાને નિભાવવા કદાચ નહીં માગતો હોય. આનું ઉદાહરણ 1995ની સુરેશ મહેતા સરકારનું છે. મુખ્ય પ્રધાન કેશુભાઈ પટેલ સામે BJPના જ શંકરસિંહ વાઘેલાએ બળવો કરતાં સુરેશ મહેતાની સરકાર બની હતી. તે વખતે વિધાનસભા અધ્યક્ષ હરિશ્ચંદ્ર પટેલની તબિયત બગડતાં કૉંગ્રેસના નેતા અને ઉપાધ્યક્ષ ચંદુ ડાભી વિધાનસભા અધ્યક્ષની ખુરશીમાં હતા. શંકરસિંહે રાજ્યપાલ કૃષ્ણપાલસિંહ (જે કૉંગ્રેસના પૂર્વ નેતા હતા)ને મળી સુરેશ મહેતા સરકાર લઘુમતીમાં છે તેવો દાવો કરતા વિશ્વાસ મત લેવાનો આદેશ રાજ્યપાલે આપ્યો હતો.

વિધાનસભામાં વિશ્વાસ મતના પ્રસ્તાવ વખતે કૉંગ્રેસના શક્તિસિંહ ગોહિલ સહિતના ધારાસભ્યોએ તોફાન શરૂ કર્યું હતું. માઈકો- કાગળ વગેરે ઉછાળાયાં હતાં. આ દેકારા વચ્ચે ચંદુ ડાભીએ સુરેશ મહેતા વિશ્વાસનો મત હારી ગયા તેવી જાહેરાત કરી દીધી, રાજ્યપાલે કેન્દ્રમાં કૉંગ્રેસના ટેકાવાળી દેવે ગોવડા સરકારને ગુજરાતમાં કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગયાનો અહેવાલ મોકલી દીધો અને રાષ્ટ્રપતિ શાસન લદાઈ ગયું. તે પછી BJPએ વિપક્ષના નેતાને ઉપાધ્યક્ષ બનાવવાની પરંપરા બંધ કરી દીધી.\